# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 24-09-2026 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## આંગણોત્સવ – 2026

જિલ્લા પંચાયત કચ્છ અને ગાંધીધામ મહાનગરપાલિકા સંચાલિત આઈ.સી.ડી.એસ. (ICDS) શાખા દ્વારા "સુપોષિત બાળક, સ્વસ્થ પરિવાર, સશક્ત સમાજ" ના મંતવ્ય સાથે સમગ્ર જિલ્લામાં આવતીકાલથી ૩ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન 'આંગણોત્સવ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આંગણવાડી કેન્દ્રોની કામગીરીને વધુ સુદ્રઢ કરવા અને આરોગ્ય-પોષણનો સંદેશો જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશથી યોજાનાર આ ઉત્સવમાં યોજાનાર વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ફળ અને THR નું વિતરણ, માતાઓ અને કિશોરીઓ સાથે ICDS ની યોજનાઓ અને આંગણવાડી દ્વારા આપવામાં આવતી સેવાઓ અંગે માહિતી પૂરી પાડવી, બાળકોના પોષણની સ્થિતિમાં સુધારો કરનાર તેમજ નિયમિત હાજરી આપનાર બાળકોને પ્રોત્સાહક ઇનામ આપવા સહિતના કાર્યક્રમો યોજાશે.

આરોગ્ય, શિક્ષણ અને સુપોષણનો આ સંદેશ ઘર-ઘર સુધી પહોંચાડી 'આંગણોત્સવ'ને સફળ બનાવવા માટે તમામ ગ્રામજનો અને લાભાર્થીઓને બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું છે.

**--------------------------------------------------------------------------------**

## માર્ગ સલામતી રેલી

સૌ વાહનચાલકોએ પોતાની અને અન્યોની સલામતી માટે હેલ્મેટ અવશ્ય પહેરવું જોઇએ તેમજ ફોરવ્હીલર ચલાવતી વખતે સીટબેલ્ટ બાંધવું જોઇએ તેમજ ટ્રાફિક નિયમોનું પાલન કરવું જોઇએ તેમ સાંસદ વિનોદ ચાવડાએ ભુજ ખાતે યોજાયેલી માર્ગ સલામતી રેલીમાં જણાવ્યું હતું.

આ તકે પશ્ચિમ કચ્છ જિલ્લા પોલીસ વડા વિકાસ સુંડાએ લોકોમાં જાગૃતિ લાવવાના હેતુથી આ રેલી યોજાઇ હોવાનું જણાવ્યું હતું. ભુજ શહેરના જ્યુબિલી સર્કલ ખાતે સવારે પશ્ચિમ કચ્છ પોલીસ અને આરટીઓ કચેરીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી માર્ગ સલામતીની આ રેલીમાં મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓ, આરટીઓ સ્ટાફ અને નાગરિકો હેલ્મેટ પહેરીને રેલીમાં જોડાયા હતા.

---------------------------------------------------------------------------------------------

## યક્ષ બૌંતેરા મેળાની તૈયારીઓ

કચ્છના મિની તરણેતર સમાન લોકસંસ્કૃતિના પ્રતિકસમા યક્ષ બૌંતેરાના મેળાનો ૨૭ સપ્ટેમ્બર રવિવારથી વિધિવત પ્રારંભ થશે. ૧૬ એકરથી વધુ વિસ્તારમાં યોજાનારા આ ભાતીગળ મેળામાં સંતવાણી, યક્ષ દાદાની ચડતર અને પરંપરાગત મલાખડા જેવા આકર્ષક કાર્યક્રમો યોજાશે.

સહેલાણીઓની સુરક્ષા માટે ૩૦૦થી વધુ પોલીસ કર્મીઓ, પી.આઇ. અને મહિલા પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો છે. ખાણીપીણીના સ્ટોલ્સ, સાંસ્કૃતિક માહોલ અને મનોરંજન વિભાગ મેળાનું મુખ્ય આકર્ષણ બનશે. ગરમીથી બચવા લોકો રાત્રે મોટી સંખ્યામાં ઉમટી પડશે, જેને લઈને પાર્કિંગ અને આરોગ્યની વિશેષ વ્યવસ્થાઓ કરાઈ છે.

---------------------------------------------------------------------------------------------

## અભિવ્યક્તિ – 2026

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી દ્વારા આગામી ૨૯ અને ૩૦ સપ્ટેમ્બરના રોજ ભુજ ખાતે ૨૧મા યુવક મહોત્સવ 'અભિવ્યક્તિ-૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું છે. મુક્તજીવન સ્વામીબાપા મહિલા કોલેજ ખાતે યોજાનાર આ મહોત્સવમાં કચ્છની ૪૨ કોલેજોના ૧૫૦૦થી વધુ યુવા સ્પર્ધકો ઉત્સાહભેર ભાગ લેશે. યુનિવર્સિટીના કુલપતિ ડો. મોહન પટેલ, જિલ્લા કલેક્ટર અનિલ રાણાવસિયાની ઉપસ્થિતિમાં મહોત્સવ યોજાશે.

મ્યુઝિક, ડાન્સ, થિયેટર, લિટરરી અને ફાઇન આર્ટ્સ જેવા પાંચ વિભાગો અંતર્ગત કુલ ૨૭ સ્પર્ધાત્મક ઇવેન્ટ્સ યોજાશે. આ વર્ષે 'ફોક ઓર્કેસ્ટ્રા' અને 'ફૂડ ફેસ્ટિવલ' વિશેષ આકર્ષણ રહેશે. યુવા કલાકારોની પ્રતિભાને નિષ્પક્ષ મંચ પૂરો પાડવા માટે કચ્છ બહારના નિષ્ણાત નિર્ણાયકો ઉપસ્થિત રહેશે.

---------------------------------------------------------------------------------------------------

<u>નખત્રાણા ખાતે અને લખપત તા.ના લાખાપર ખાતે રામદેવપીર મેળો સંપન્ન</u>

નખત્રાણામાં સોમવારથી શરૂ થયેલા ત્રિદિવસીય રામદેવપીરના લોકમેળામાં બે જ દિવસમાં ૫૦ હજારથી વધુ સહેલાણીઓ ઊમટ્યા હતા. નગરપાલિકા આયોજિત આ મેળાના અંતિમ દિવસે યોજાયેલા પરંપરાગત બખમલાખડાએ ઉપસ્થિત અગ્રણીઓ અને દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

તો લખપત તાલુકાના લાખાપર ખાતે પણ રામદેવપીરનો મેળો ઉત્સાહપૂર્વક ઉજવાયો હતો. અહીં મેળાની પૂર્વસંધ્યાએ સંતવાણી અને આરાધીવાણીના કાર્યક્રમો યોજાયા હતા. જ્યારે બીજા દિવસે મંદિર પર ધ્વજારોહણ તેમજ મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

---------------------------------------------------------------------------------------------------

## સેવા મેરા યોગદાન અભિયાન –ખાવડા સીએચસી

'સેવા મેરા યોગદાન અભિયાન' અંતર્ગત કચ્છના સાંસદ વિનોદ ચાવડાએ ખાવડા સામૂહિક આરોગ્ય કેન્દ્ર (CHC)ની મુલાકાત લીધી હતી.  મુલાકાત દરમિયાન તેમણે આરોગ્ય સેવાઓ, સારવાર, દવાઓનો જથ્થો અને સુવિધાઓની સમીક્ષા કરી હતી. તેમણે તબીબો સાથે ચર્ચા કરી ગ્રામ્ય વિસ્તારોમાં સમયસર ગુણવત્તાસભર સારવાર મળતી હોવાની માહિતી મેળવી હતી. તેમજ કર્મચારીઓની કામગીરીની પ્રશંસા કરી અંતરિયાળ વિસ્તારોના નાગરિકોને વધુ સારી અને સુલભ આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે સતત પ્રયત્નશીલ રહેવા અનુરોધ કર્યો હતો.

---------------------------------------------------------------------------------------

## વોંધ સરકારી હાઇસ્કૂલ ખાતે IEC અભિયાન 3.0

કચ્છ વોંધ સરકારી હાઇસ્કૂલ ખાતે રાષ્ટ્રીય AIDS અને STD નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત સઘન IEC અભિયાન-૩.૦ હેઠળ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આરોગ્ય અધિકારીઓના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને HIV/AIDS, ટીબી, હિપેટાઇટિસ અને લેપ્રસી જેવા ચેપી રોગો વિશે વિસ્તૃત માહિતી અપાઈ હતી.

આરોગ્યકર્મીઓએ રોગોના લક્ષણો, બચાવના ઉપાયો, સમયસર તપાસ અને કલંક દૂર કરવા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

---------------------------------------------------------------------------------------

## હવામાન

પ્રખર ભાદરવી તાપ અને આકરી ગરમીથી જિલ્લાનું જનજીવન પ્રભાવિત થયું છે. જિલ્લા મથક ભુજ 39.5દ ડિગ્રી સેલ્શિયસ મહત્તમ ઉષ્ણાતામાન સાથે સમગ્ર રાજ્યનું સૌથી ગરમ મથક બન્યું હતું. તો કંડલામાં પણ મહત્તમ ઉષ્ણાતામાન 36.5 ડિગ્રી સેલ્શિયસ રહેતા તીવ્ર ગરમીનો લોકોએ અનુભવ કર્યો હતો.

---------------------------------------------------------------------------------------